# ૨૮ – નિયાગ અષ્ટક

P. 358

યઃ કર્મ હુતવાન્ દીપ્તે બ્રહ્માગ્નૌ ધ્યાનધાય્યયા
સ નિશ્ચિતેન યાગેન નિયાગપ્રતિપત્તિમાન્ ૨૮-૧

<u>શબ્દાર્થ</u>: યઃ = જેણે, કર્મ = કર્મને, હુતવાન્ = હોમ્યા છે, દીપ્તે = પ્રદીપ્ત; ધ્યાનધાય્યયા = ધ્યાનરૂપી વેદની ઋચા (મંત્ર) વડે; બ્રહ્માગ્નૌ = બ્રહ્મરૂપી અગ્નિમાં; સઃ = તે; નિશ્ચિતેન = નિશ્ચિતતાથી; યાગેન = યજ્ઞ વડે; નિયાગ = ભાવયજ્ઞ; પ્રતિપત્તિમાન્ = પ્રાપ્ત કરેલા છે.

<u>શ્લોકાર્થ</u>: જેણે પ્રદીપ્ત કરેલા બ્રહ્મરૂપી અગ્નિમાં (ધર્મ) ધ્યાનરૂપી વેદની ઋચા (મંત્ર) વડે કર્મને હોમ્યાં છે તે મુનિ નિશ્ચિતતાથી ભાવયજ્ઞ-વડે નિયાગને પ્રાપ્ત કરેલા છે.

<u>ભાવાર્થ</u>: માત્ર ક્રિયાકાંડ તે દ્રવ્યયજ્ઞ છે. નિયાગ એટલે ભાવયજ્ઞ, નિયાગ એટલે કર્મોને બાળવા, હોમવા.

વૈદિક વિધિમાં યજ્ઞો હિંસક પ્રકારના હતા છે, જેમ કે અશ્વમેધ યજ્ઞ. દુશ્મનને મારવા માટે કે વેરનો બદલો લેવા માટે યજ્ઞ થાય છે. ભગવાન મહાવીરે આવા પશુબલિવાળા હિંસક યજ્ઞોનો જબરજસ્ત વિરોધ કર્યો. પરંતુ જો યજ્ઞ કરવા જ છે તો સારો રસ્તો એ છે કે યજ્ઞ રાખો, પણ એનું સ્વરૂપ બદલી નાખો. યજ્ઞોને અહિંસક બનાવો અને મોક્ષના ધ્યેયવાળા બનાવો. એટલે તેમણે "ભાવયજ્ઞ" બનાવી દીધો.

ઉત્તરાધ્યયનસૂત્રના 'યજ્ઞીય' અધ્યયનમાં કહ્યું છે કે

| |
|---|
| સુસંવુડા પંચહિં સંવરેહિં ઇહ જીવિયં અણવકંખમાણા |
| વોસટ્ઠકાયા સુઇચત્તદેહા મહાજયં જયઇ જન્નસેટ્ઠં |

<u>અર્થ</u>: પાંચ સંવરથી સુસંવૃત્ત, જીવિત પ્રત્યે આકાંક્ષા રહિત, શરીર પ્રત્યે મમત્વ વિનાના, પવિત્ર, દેહાધ્યાસના ત્યાગી, એવા મુનિવરો જય કરનાર (કર્મનો નાશ કરનાર) એવો શ્રેષ્ઠ યજ્ઞ કરે છે.

જેમ અગ્નિમાં બ્રાહ્મણો આદિ અન્ય લોકો અજ્ઞાનતા અને મોહના કારણે પશુનો હોમ કરે છે, તેમ કરતાં, તેના બદલે જ્ઞાનાવરણીય વગેરે ઘાતી કર્મોને આ જ્ઞાનાગ્નિમાં નાંખીને બાળવાનાં છે. આ પ્રમાણે કરનારા મુનિમહાત્મા આત્માના ગુણોને પ્રગટ કરવા સ્વરૂપ [યાગ (યજ્ઞ) કરવા દ્વારા] કર્મોને બાળવાના અભ્યંતર એવા ભાવયજ્ઞ કરવા વડે નિયાગને કરનારા થાય છે.

ટૂંકમાં બ્રહ્મ → અગ્નિ, ધર્મ કે શુક્લ ધ્યાન = વેદની ઋચા, કર્મ → યજ્ઞમાં હોમવાના (લાકડાં)

પાપધ્વંસિનિ નિષ્કામે જ્ઞાનયજ્ઞે રતો ભવ
સાવદ્યૈઃ કર્મયજ્ઞૈઃ કિં ભૂતિકામનયાઽવિલૈઃ (૨૮-૨)

શબ્દાર્થ: પાપધ્વંસિનિ = પાપનો નાશ કરનાર, નિષ્કામે = કામના રહિત, જ્ઞાનયજ્ઞે = જ્ઞાનયજ્ઞમાં, રતઃ = આસક્ત, ભવ = થા; સાવદ્યૈઃ = પાપસહિત, કર્મયજ્ઞૈઃ = કર્મયજ્ઞોનું, કિં = શું કામ છે?, ભૂતિકામનયા = સુખની કામના વડે, આવિલૈઃ = મલિન

શ્લોકાર્થ: પાપનો નાશ કરનાર, નિષ્કામ (કામના રહિત) જ્ઞાનયજ્ઞમાં આસક્ત થા. સુખની ઇચ્છા વડે મલિન, પાપયુક્ત કર્મયજ્ઞોનું શું કામ છે?

ભાવાર્થ: પાપોનો નાશ કરનારો જો ભાવયજ્ઞ પ્રાપ્ત થતો હોય તો પાપોને બંધાવનારા, સંસારને જ વધારનારા અને જન્મ-જરા-મરણ આદિ દુઃખોને આપનારા એવા સાવદ્ય યજ્ઞોનું શું કામ છે?

ભાવયજ્ઞ નિષ્કામ છે અર્થાત્ સર્વ પ્રકારની પરભાવ દશાની અભિલાષાઓથી રહિત છે. પૌદ્ગલિક સુખની ઇચ્છાઓ એ મોટું બંધન છે. આત્માને ડુબાડનારું છે. જન્મ-જરા-મરણની પરંપરા વધારનારું બંધન છે. તેથી આવી કામના (ઇચ્છા) વિનાનો ભાવયજ્ઞ તે જ સાચો યજ્ઞ છે. ઘાતીકર્મોનો વિનાશ કરનારો યજ્ઞ છે. સ્વરૂપના બોધરૂપ અને આત્મતત્ત્વની જાગૃતિમય એવા જ્ઞાનાત્મક ભાવયજ્ઞમાં તું લીન થા. તેમાં જ તારું કલ્યાણ છે.

ભોગની જ કામનાવાળા સાવદ્ય યજ્ઞ વડે હે મુનિ! તારે શું કામ છે? આ લોકનાં પૌદ્ગલિક સાંસારિક સુખોની ઇચ્છાવાળા અને સાવદ્ય એટલે પશુહિંસાદિ પાપોથી સહિત એવા મલીન યજ્ઞો વડે તને શું લાભ છે? તેવા પ્રકારના પાપવાળા યજ્ઞો યોગ્ય નથી.

ઉત્તરાધ્યયનનાં "યજ્ઞીય-અધ્યયન"માં કહ્યું છે કે :-
આપણો જીવ યજ્ઞકુંડ છે. તપ એ અગ્નિ છે.
મન-વચન-કાયાનો પુરુષાર્થ ઘી નાંખવાની કડછી છે.
શરીર અગ્નિને પ્રદીપ્ત કરનાર સાધન છે. કર્મ લાકડાં છે.
સંયમસાધના શાંતિસ્તોત્ર છે.

વેદોક્તત્વાત્ મનઃશુદ્ધ્યા, કર્મયજ્ઞોઽપિ યોગિનઃ
બ્રહ્મયજ્ઞ ઇતીચ્છન્તઃ શ્યેનયાગં ત્યજન્તિ કિમ્? (૨૮૩)

શબ્દાર્થ: વેદોક્તત્વાત્ = વેદમાં કહેલો હોવાથી; મનઃશુદ્ધ્યા = મનની શુદ્ધિ વડે; કર્મયજ્ઞ = કર્મયજ્ઞ; અપિ = પણ; યોગિનઃ = યોગીને; બ્રહ્મયજ્ઞઃ = બ્રહ્મયજ્ઞ, ઇતિ = એમ; ઇચ્છન્તઃ = માનનારા; શ્યેનયાગં = શ્યેનયજ્ઞને, ત્યજન્તિ = ત્યજે છે; કિં = શા માટે ?

શ્લોકાર્થ: વેદમાં કહેલો હોવાથી મનની શુદ્ધિ દ્વારા જ્ઞાનયોગીને કર્મયજ્ઞ પણ બ્રહ્મયજ્ઞરૂપ છે. એ પ્રમાણે માનનારા 'શ્યેનયજ્ઞ' ને કેમ ત્યજે છે?

ભાવાર્થ: કર્મયજ્ઞ કરવાનું વેદમાં કહેલું હોવાથી મનની શુદ્ધિ પૂર્વક જો કર્મયજ્ઞ કરાય તો તે યોગીને તો બ્રહ્મયજ્ઞ જ બને છે. આવી ખોટી દલીલ કરીને જે લોકો કર્મયજ્ઞ કરવાની ઇચ્છા રાખે છે તેઓ 'શ્યેનયાગ' કેમ કરતા નથી ? શ્યેન એટલે બાજપક્ષી.

આ બાબતમાં વેદાન્તવાદી દલીલ કરે છે કે "કર્મયજ્ઞ" કરવાનું વેદમાં કહેલું છે અને શાસ્ત્રમાં સમજીને જ કહ્યું હોય. માટે હિંસા હોવા છતાં શાસ્ત્રોક્ત હોવાથી મનની શુદ્ધિપૂર્વક જો કરાય તો તેમાં કોઈ દોષ નથી. માટે તે કર્મયજ્ઞ એ બ્રહ્મયજ્ઞ જ છે એમ માનીને કરવા જોઈએ.

વેદાન્તવાદીના આ મતનું ખંડન કરતાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે કે જો વેદવચન હોવાથી કર્તવ્ય (Duty) બનતો હોય તો "શ્યેનયાગ" નો ત્યાગ શા માટે કરો છો ?

શત્રુના નાશ માટે બાજ પક્ષી દ્વારા કરાતો યજ્ઞ તે "શ્યેન યાગ" કહેવાય છે. વેદાંતીઓ એવી દલીલ કરે છે કે શ્યેનયજ્ઞમાં શત્રુને મારવાની દ્વેષબુદ્ધિ છે એટલે ચિત્તશુદ્ધિ રહેતી નથી. પરંતુ તેમના બીજા બધા યજ્ઞોમાં પશુઓ હોમવામાં આવે છે. એ બધામાં ચિત્તશુદ્ધિ ક્યાં છે ? કોઈ એમ કહે કે અમે શુદ્ધ બુદ્ધિથી શ્યેનયજ્ઞ કરવા માંગીએ છીએ તો પણ તે માટે આજ્ઞા નથી.

સંસારના સુખોની ઇચ્છાથી ગરીબ અને નિઃસહાય પશુઓની હિંસા કરવી એ નરક-નિગોદના દુઃખો જ આપનારી છે. સાધનની જો શુદ્ધિ ન હોય તો કરાયેલો પુરુષાર્થ હિતકારક નથી. વિશુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્ત કર્યું હોય તો પાપથી ભરેલા કર્મયજ્ઞો કરવાનું કોઈ પ્રયોજન નથી.

જ્ઞાનયજ્ઞ જ ઉત્તમ છે.

બ્રહ્મયજ્ઞ: પરં કર્મ ગૃહસ્થસ્યાધિકારિણ:
પૂજાદિ વીતરાગસ્ય જ્ઞાનમેવ તુ યોગિન: (૨૫-૭)

શબ્દાર્થ: બ્રહ્મયજ્ઞ: = બ્રહ્મયજ્ઞ, પરં કર્મ = કેવળ ક્રિયા, ગૃહસ્થસ્ય = ગૃહસ્થનું, અધિકારિણ: = અધિકારી; પૂજાદિ = પૂજા વગેરે; વીતરાગસ્ય = વીતરાગની; જ્ઞાનમેવ = જ્ઞાન જ; તુ = અને, પરંતુ; યોગિન: = યોગીનો

શ્લોકાર્થ: અધિકારી ગૃહસ્થને વીતરાગની પૂજા વગેરે ક્રિયા બ્રહ્મયજ્ઞ છે, પરંતુ યોગીને તો જ્ઞાન જ બ્રહ્મયજ્ઞ છે.

ભાવાર્થ: મુનિઓના અધિકાર કરતાં ગૃહસ્થોનો અધિકાર જુદો છે. ઘર ચલાવવા માટે વેપાર-ધંધો કરતા સંસારી ગૃહસ્થોનો સાવદ્યયોગ ચાલુ જ છે. એકેન્દ્રિય જીવોની જ હિંસા છે જેમાં એવો સાવદ્યયોગ સેવે તો તેમાં આશ્રવની માત્ર પરાવૃત્તિ છે. આશ્રવોની પરાવૃત્તિ કરવી એટલે અશુભ આશ્રવમાં જે વર્તે છે તેને બદલે શુભ આશ્રવમાં જોડાવું. "ન્યાયસંપન્ન વૈભવ" એ માર્ગાનુસારીના ૩૫ ગુણોમાંનો પહેલો ગુણ છે. તેવા શ્રાવક-શ્રાવિકાને માટે વીતરાગ પરમાત્માની દ્રવ્યપૂજા કરવી તે પરમ ઉત્કૃષ્ટ બ્રહ્મયજ્ઞ છે.

અંતે તો પ્રાપ્ત કરવા લાયક સંવર જ છે પરંતુ જ્યાં સુધી સંવરધર્મની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અશુભને બદલે શુભ આશ્રવમાં જોડાવું તે યોગ્ય છે. જ્યાં સુધી સર્વવિરતિધર્મ ન આવે અને સર્વથા આશ્રવો ન અટકે ત્યાં સુધી ~~અ~~ અશુભ આશ્રવોને અટકાવવા/ઓછા કરવા માટે શુભ આશ્રવોનું સેવન કરવું તે હિતકારક છે. પ્રશસ્ત રાગ દૃઢ બનતાં અપ્રશસ્ત રાગ મંદ બની જાય છે.

શંકા: પ્રશસ્ત રાગ આદેય (આદરવા જેવો છે) તે સમજાય છે. પરંતુ પરમાત્માની પૂજામાં જલ, પુષ્પ, ધૂપ, દીપ વગેરે (પૂજામાં) માં હિંસા થાય છે. તો એવી ક્રિયા કેમ થાય? જે ક્રિયામાં હિંસા હોય તે 'બ્રહ્મયજ્ઞ' કેવી રીતે કહેવાય?

સમાધાન: પરમાત્માની દ્રવ્યપૂજામાં સ્વરૂપહિંસા છે. પરંતુ અનેક આરંભ-સમારંભમાં રહેલા ગૃહસ્થ માટે દ્રવ્યપૂજા આવશ્યક છે. સ્વરૂપહિંસાથી જરૂર કર્મબંધ થાય છે પણ દ્રવ્યપૂજા કરતા ઉદ્ભવતા શુભ ભાવો દ્વારા શુભ (પ્રશસ્ત) કર્મ બંધાય છે. આ રીતે ગૃહસ્થે બ્રહ્મયજ્ઞ કરવાનો છે જ્યારે સર્વવિરતિધર સાધુનો જ્ઞાનનો જ બ્રહ્મયજ્ઞ કરવાનો છે. સાધુને જિનપૂજા કરવાનો નિષેધ છે.

ભિન્નોદ્દેશેન વિહિતં, કર્મ કર્મક્ષયાક્ષમમ્
ક્લૃપ્તભિન્નાધિકારં ચ, પુત્રેષ્ટ્યાદિવદિષ્યતામ્ (૨૮-૫)

શબ્દાર્થ: ભિન્નોદ્દેશેન = જુદા ઉદ્દેશથી, વિહિતં = શાસ્ત્રમાં કહેલું, કર્મ = અનુષ્ઠાન, કર્મક્ષય = કર્મક્ષય કરવામાં, અક્ષમમ્ = અસમર્થ, ક્લૃપ્ત = કલ્પેલો, ભિન્નાધિકારં = જેનો ભિન્ન અધિકાર છે, ચ = અને, પુત્રેષ્ટ્યાદિવદ્ = પુત્ર પ્રાપ્તિ માટેના યજ્ઞની જેમ, ઇષ્યતામ્ = માનો

શ્લોકાર્થ: જુદા ઉદ્દેશથી, શાસ્ત્રમાં કહેલું અનુષ્ઠાન કર્મનો ક્ષય કરવામાં અસમર્થ છે. કલ્પેલો છે જુદો અધિકાર જેનો એવા પુત્ર પ્રાપ્તિને માટે કરવામાં આવતા યજ્ઞ વગેરેની જેમ માનો.

ભાવાર્થ: કોઈ પુણ્યના હેતુ માટે ધર્મક્રિયા કરે અને પછી ફળ તરીકે કર્મક્ષયની અપેક્ષા રાખે તો તે પ્રમાણે ફળ મળે નહિ. દયા, દાન, પ્રભુભક્તિ વગેરે કેટલીક ધર્મક્રિયાઓથી પુણ્ય ઉપાર્જન થાય છે, અમુક કક્ષાના જીવો તે પ્રમાણે કરે તો તેમાં કશું અયોગ્ય નથી, કારણકે પુણ્ય એકાન્તે હેય (છોડવા જેવું) નથી. પણ એવી ક્રિયા કરીને કર્મક્ષયની કે મોક્ષપ્રાપ્તિની ઇચ્છા કોઈ રાખે તો તે અયોગ્ય છે.

શાસ્ત્રકારોએ કહ્યું છે કે બાળજીવોને પુણ્ય ઉપાર્જન અર્થે ધર્મક્રિયા કરતાં અટકાવવા નહિ, કારણકે આત્માના ત્રણ ઉપયોગ છે, શુદ્ધ, શુભ અને અશુભ. શુદ્ધ ઉપયોગમાં અન્તર્મુહૂર્ત જેટલો કાળ પણ સ્થિર રહી શકાતું નથી એટલે આત્મા શુભ કે અશુભ ઉપયોગમાં ચાલ્યો જાય છે. એમાં જો તેને શુભમાં જતો અટકાવવામાં આવે તો તે વગર કહ્યે અશુભમાં જ ચાલ્યો જવાનો. એટલે એવા બાળજીવોને સમજાવવાની જરૂર છે કે આગળ જતાં સોનાની બેડીરૂપ પુણ્ય પણ છોડીને, શુદ્ધોપયોગમાં રહી, કર્મક્ષય કરી મુક્તિ મેળવવાની છે.

જે કાર્યનો જે અધિકાર હોય તે અધિકારને છોડીને તે કાર્યમાં બીજો અધિકાર જો કલ્પાય તો તે કાર્ય પોતાના નિયત ફળની પ્રાપ્તિ કરાવવામાં અસમર્થ જાણવું. વેદોમાં પુત્રપ્રાપ્તિ માટે જે યજ્ઞ કહ્યો છે તે યજ્ઞ કરતી વખતે જો પુત્ર પ્રાપ્તિ સિવાય બીજું કંઈ ફળ મનમાં ઇચ્છાય તો તે યજ્ઞ કર્યો હોવા છતાં પણ તેનું જે ફળ છે તેની ઇચ્છા ન રાખી હોવાથી તે ફળની પ્રાપ્તિ થતી નથી.

# ૨૮ - નિયાગ

બ્રહ્માર્પણમપિ બ્રહ્મયજ્ઞે, અન્તર્ભાવસાધનમ્
બ્રહ્માગ્નૌ કર્મણો યુક્તં, સ્વકૃતત્વસ્મયો હુતે (૨૮-૫)

શબ્દાર્થ: બ્રહ્માર્પણમપિ = બ્રહ્મને અર્પણ કરવું તે પણ; બ્રહ્મયજ્ઞે = બ્રહ્મયજ્ઞમાં; અન્તર્ભાવસાધનમ્ = અંતર્ભાવનું સાધન; બ્રહ્માગ્નૌ = બ્રહ્મરૂપી અગ્નિમાં; કર્મણ: = કર્મનો; યુક્તં = યુક્ત છે, સ્વકૃતત્વ = પોતાના કર્તાપણાનું; સ્મયો = અહંકારનો; હુતે = હોમવાથી

શ્લોકાર્થ: બ્રહ્મયજ્ઞમાં અન્તર્ભાવનું સાધન બ્રહ્મને અર્પણ કરવું. બ્રહ્મરૂપ અગ્નિમાં કર્મનો, પોતાના કર્તાપણાના અહંકારનો યોગ પણ યુક્ત છે. અર્થાત્ "મેં આ કર્યું" એવા અભિમાનના જ્ઞાનનો હોમ કરવો તે યોગ્ય છે.

ભાવાર્થ: બ્રહ્માર્પણ એટલે બ્રહ્મને અર્પણ કરવું. બ્રહ્મ એટલે પરમાત્મા. પોતાના કર્મરૂપી યજ્ઞનો બ્રહ્મયજ્ઞમાં અંતર્ભાવ કરવો એટલે બ્રહ્માર્પણ કરવું કહેવાય. મનુષ્ય કોઈપણ કાર્ય કરે ત્યારે એનામાં 'આ મેં કર્યું' એવો કર્તાપણાનો અહંકાર આવે છે. પરંતુ જો ખરેખર અંતરની શ્રદ્ધાથી એમ માને કે મેં કંઈ જ કર્યું નથી. બધું પરમાત્માએ કર્યું છે. તો એના કર્મયજ્ઞનું બ્રહ્મયજ્ઞમાં અર્પણ થાય છે. માણસની આ શ્રદ્ધા બધા જ કાર્યો માટે અને હંમેશને માટે રહે તો જ સાચું બ્રહ્માર્પણ કહેવાય.

સામાન્ય માણસો પોતે જે કંઈ કાર્ય કરે તેમાં તેમના કર્મના કર્તાપણાનું અભિમાન આવે છે. પરંતુ જો બુદ્ધિમાન છે, જ્ઞાની છે તો તો પોતાનું કર્તૃત્વરૂપી અભિમાન છોડીને આત્મજ્ઞાનરૂપી અગ્નિમાં પોતાના કર્મોને હોમે છે. આ જ ઉત્તમ બ્રહ્માર્પણ છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતાના ચોથા અધ્યાયમાં કહ્યું છે:

બ્રહ્માર્પણં બ્રહ્મહવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્
બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મ સમાધિના

અર્થ: અર્પણ કરવાની ક્રિયા બ્રહ્મ છે, હોમવાની વસ્તુ બ્રહ્મ છે, બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપ હોમનારે હોમેલું પણ બ્રહ્મ છે અને બ્રહ્મરૂપ કર્મસમાધિવાળાએ પ્રાપ્ત કરવા યોગ્ય સ્થાન પણ બ્રહ્મ જ છે.

આમ અર્પણ કરવાની ક્રિયા, વસ્તુ, અગ્નિ, હોમેલું સર્વ બ્રહ્મ છે અને પ્રાપ્ત કરવા યોગ્ય સ્થાન પણ બ્રહ્મ છે. એટલે કે બધું જ બ્રહ્મમય છે. આ જ સાચો બ્રહ્મયજ્ઞ છે.

ટૂંકમાં જૈન દૃષ્ટિએ આત્મજ્ઞાનરૂપી અગ્નિમાં જ્ઞાનાવરણીય વગેરે કર્મોને હોમવાં એ જ ઉત્તમ બ્રહ્માર્પણ છે.

૨૮ - નિયાગ

શ્લોક ૭ અને ૮ સાથે છે.

બ્રહ્મણ્યર્પિત સર્વસ્વો બ્રહ્મદૃગ્ બ્રહ્મસાધનઃ
બ્રહ્મણા જુહ્વદ્ ~~બ્રહ્મ~~ અબ્રહ્મ બ્રહ્મણિ બ્રહ્મગુપ્તિમાન્ (૨૮-૭)

શબ્દાર્થ: બ્રહ્મણિ = બ્રહ્મમાં; અર્પિત સર્વસ્વ = જેણે સર્વસ્વ અર્પિત કર્યું છે; બ્રહ્મદૃગ્ = બ્રહ્મમાં જેની દૃષ્ટિ છે; બ્રહ્મસાધનઃ = બ્રહ્મજ્ઞાન જેનું સાધન છે; બ્રહ્મણા = બ્રહ્મ વડે; જુહ્વત્ = હોમતો; અબ્રહ્મ = અબ્રહ્મને; બ્રહ્મણિ = બ્રહ્મમાં; બ્રહ્મગુપ્તિમાન્ = બ્રહ્મચર્યની ગુપ્તિવાળો

શ્લોકાર્થ: જેણે બ્રહ્મમાં સર્વસ્વ અર્પણ કર્યું છે, જેની બ્રહ્મમાં જ દૃષ્ટિ છે, બ્રહ્મરૂપી જ્ઞાન જેનું સાધન છે, બ્રહ્મ વડે બ્રહ્મમાં અબ્રહ્મને હોમતો, બ્રહ્મચર્યની ગુપ્તિવાળો —

બ્રહ્માધ્યયન નિષ્ઠાવાન્ પરબ્રહ્મસમાહિતઃ
બ્રાહ્મણો લિપ્યતે નાઘૈર્નિયાગપ્રતિપત્તિમાન્ (૨૮-૮)

શબ્દાર્થ: બ્રહ્માધ્યયન = બ્રહ્મ અધ્યયન; નિષ્ઠાવાન્ = નિષ્ઠાવાળો; પરબ્રહ્મ = પરબ્રહ્મમાં; સમાહિતઃ = સમાધિવાળો; બ્રાહ્મણઃ = બ્રાહ્મણ, નિર્ગ્રન્થ; લિપ્યતે = લેપાય; અઘૈઃ = પાપ વડે; નિયાગ = ભાવયજ્ઞ; પ્રતિપત્તિમાન = સ્વીકારનાર

શ્લોકાર્થ: બ્રહ્માધ્યયનની નિષ્ઠાવાળો, પરબ્રહ્મમાં સમાધિવાળો, ભાવયજ્ઞને સ્વીકારનાર નિર્ગ્રન્થ (બ્રાહ્મણ) પાપથી લેપાતો નથી.

શ્લોક ૭ અને ૮ નો ભાવાર્થ:

બ્રાહ્મણ અર્થાત્ મુનિ આવા પ્રકારનો નિયાગ (હોમ હવન) કરે તો તે પાપોથી લેપાતો નથી. આ વિષય માટે ગ્રંથકારશ્રીએ મૂળગાથામાં (શ્લોક ૭) પાંચ અને આઠમા શ્લોકમાં ત્રણ એમ ૫+૩=૮ વિશેષણો કહ્યા છે જે નીચે પ્રમાણે છે.

(૧) બ્રહ્મમાં જ (પરમાત્મામાં જ) જેણે સર્વસ્વ અર્પણ કર્યું છે
(૨) જેની જ્ઞાનની પ્રધાનતાવાળી દૃષ્ટિ છે.
(૩) જ્ઞાનની જ સાધના કરવાવાળો
(૪) જ્ઞાનદશાના બળે અજ્ઞાનતાનો જ્ઞાનાગ્નિમાં હોમ કરવાવાળો
(૫) બ્રહ્મચર્ય પાળવા ગુપ્તિને (બ્રહ્મચર્યની વાડને) ધારણ કરવાવાળો

(૬) આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના નવમા બ્રહ્મ – અધ્યયનમાં નિષ્ઠાવાળો
(૭) પરમ એવી જ્ઞાનદશાની સાચી એકતાવાળો
(૮) ઉપર સમજાવ્યા પ્રમાણેના નિયાગયજ્ઞને (જ્ઞાનયજ્ઞને) કરવાવાળો
બ્રાહ્મણ ક્યારેય પાપો વડે લેપાતો નથી.

અહીં પૂજ્ય શ્રીયશોવિજયજીએ બ્રાહ્મણને જ શ્રમણ, ભિક્ષુ અને નિર્ગ્રંથ કહ્યા છે. બ્રહ્મચર્ય કરે તે બ્રાહ્મણ.
જ્યાં સુધી એની પાસે અજ્ઞાનના બળતણ હોય (Fuel) ત્યાં સુધી એ બ્રહ્મમાં એને હોમતો રહે. બાળીને ભસ્મ કરે. બ્રહ્મની લીનતામાં બાધક એવા એક-એક તત્ત્વને તે બ્રહ્માગ્નિમાં હોમી દેતાં અચકાતો નથી.

આ રીતે આત્મતત્ત્વની સાધના કરનારા જીવે કર્મોને જ્ઞાન-અગ્નિમાં બાળવા રૂપ ભાવનિયાગ જ કરવો જોઈએ પણ નિ:સહાય, લાચાર, પરાધીન અને વાચા વિનાના પશુઓને હોમીને હિંસાત્મક નિયાગ કરવો તે યોગ્ય નથી. માટે આવો યજ્ઞ ત્યાજ્ય છે અને ભાવનિયાગ કર્તવ્ય છે.

નોંધ: અહીં બ્રાહ્મણ એટલે બ્રાહ્મણ કુળમાં જન્મેલો અને બ્રાહ્મણની જાતિવાળો પુરુષ એવો અર્થ ન લેવો, પણ બ્રહ્મવિદ્યા (આત્મવિદ્યા) ભણનારો અર્થાત્ આત્મતત્ત્વના લક્ષ્યવાળો પુરુષ તેને જ બ્રાહ્મણ કહેવાય છે. કર્મોને બાળવાનું પ્રબળ સાધન આત્મરમણતા જ છે. તેથી આત્મરમણતાનું આલંબન લઈને આત્માથી ભિન્ન દ્રવ્ય, કર્મ નામનો જે પદાર્થ આત્મામાં ભળી ગયો છે તેને બાળી નાંખે છે. આવો બ્રાહ્મણ અહીં સમજવો.